સરથાણમાં પોલીસની ઓળખ આપી અપહરણ અને લૂંટ કેસમાં ત્રણ આરોપીઓના જામીન મંજૂર

સુરત.તા.૧૩

સરથાણામાં એક ઓફિસમાં રેડ પાડી ગાંધીનગર પોલીસ તરીકે ખોટી ઓળખ આપી વેપારીનું અપહરણ કરીને રૂ.4 લાખ પડાવવાના કેસમાં 3 આરોપીના જામીન સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા.

સરથાણા વિસ્તારમાં ધ ગેલેરીયા-2 બિલ્ડિંગમાં આવેલી એક વેબ-ડેવલપમેન્ટ ઓફિસમાં ગાંધીનગર પોલીસના ખોટા નામે દરોડો પાડી મિહિત દેસાઈને 3 તોડબાજોએ તમે અનલીગલથી ધંધો કરો છો તેમ કહી તેઓનું અપહરણ કરી રૂા. ૫૦ લાખની માગણી કરી ૪ લાખ પડાવી લીધા હતા. આ ગુનામાં સરથાણા પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. આ કેસમાં ત્રણેય આરોપીએ વકીલ નબીલ વાય. મોમિન મારફતે સુરત કોર્ટમાં જામીન અરજી કરી હતી. સુરત કોર્ટે આ ત્રણેય આરોપીના જામીન સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા.

સુરતમાં ૨૭ નવેમ્બરથી ખાસ સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ

સુરત, તા. ૧૩

રાજકીય ગતિવીધીઓ વચ્ચે રાજ્યનાં ચૂંટણી પંચ દ્વારા પણ આગામી વર્ષ 2027ની વિધાનસભાની ચૂંટણીલક્ષી તૈયારીઓનો પ્રારંભ કર્યો છે. જેમાં વર્ષ 2027ની ચૂંટણીમાં મતદાનનો અધિકાર ધરાવતા એકપણ નાગરિકનું નામ મતદારયાદીમાંથી બાકાત ન રહી જાય તે સુરત જિલ્લાની તમામ 16 વિધાનસભા બેઠકો માટે 27 નવેમ્બરથી ખાસ સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા કાર્યક્રમ શરૂ થશે. આ કામગીરી અંતર્ગત નવું નામ નોંધાવવા, મતદારયાદીમાંથી નામ કમી કરાવવા અથવા વ્યક્તિગત વિગતોમાં સુધારો કરવા માટે 26 ડિસેમ્બર સુધી ઓનલાઈન અથવા બૂથ લેવલ ઓફિસર મારફતે અરજી કરી શકાશે. તમામ

નામ નોંધાવવા, મતદારયાદીમાંથી નામ કમી કરાવવા, વ્યક્તિગત વિગતોમાં સુધારો કરવા માટે 26 ડિસેમ્બર સુધી ઓનલાઈન અથવા બૂથ લેવલ ઓફિસર મારફતે અરજી કરી શકાશે

અરજીઓની ચકાસણી અને નિકાલ બાદ 18 જાન્યુઆરી, 2027ના રોજ મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને સુરત સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં મતદારયાદી સુધારણાના કાર્યક્રમની વિગતો જાહેર કરવામાં આવી હતી. ભારતના ચૂંટણી પંચ દ્વારા 28 ઓક્ટોબર, 2026ના રોજ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 1 જાન્યુઆરી, 2027ને લાયકાતની તારીખ ગણીને મતદારયાદી તૈયાર કરવામાં આવશે. આથી 1 જાન્યુઆરીએ 18 વર્ષની વય પૂર્ણ કરનારા યુવાનોને પણ મતદાર તરીકે નામ નોંધાવવાની તક મળશે. મતદારયાદીમાં નવા મતદારોનો સમાવેશ કરવાની સાથે હાલની યાદીમાં રહેલી વિગતોની પણ ચકાસણી કરવામાં આવશે. નામ, સરનામું કે અન્ય વિગતોમાં ભૂલ હોય તો તેમાં સુધારો કરાવી શકાશે. એક જ મતદારનું નામ એકથી વધુ સ્થળે નોંધાયેલું હોય અથવા મતદારનું અવસાન થયું હોય તેવા કિસ્સામાં નિયમ મુજબ નામ કમી કરવાની કાર્યવાહી પણ હાથ ધરાશે. બીજી તરફ, જિલ્લામાં મતદાન મથકોની સંખ્યા અને વ્યવસ્થામાં પણ ફેરફાર કરવામાં આવી રહ્યો છે. સુરત જિલ્લાની તમામ 16 વિધાનસભા બેઠકોમાં મતદાન મથકોનું પુનર્ગઠન અને તર્કસંગત ગોઠવણી કરવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી 17 નવેમ્બર, 2026 સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ત્યારબાદ જિલ્લામાં કુલ 4,383 મતદાન મથકો રહેશે. કલેક્ટર તેજસ પરમારે નાગરિકોને પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ પોતાનું નામ અને અન્ય વિગતોની ચકાસણી કરવા અપીલ કરી હતી. ખાસ કરીને પહેલીવાર મતદાર બનવા જઈ રહેલા યુવાનો ઉપરાંત મતદારયાદીમાં નામ ન ધરાવતા નાગરિકો અને વિગતોમાં સુધારો કરાવવા ઇચ્છતા લોકોએ નિયત સમયમર્યાદામાં અરજી કરવા જણાવ્યું હતું. આ માટે ઓનલાઈન અરજીની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. નાગરિકો પોતાના વિસ્તારના બૂથ લેવલ ઓફિસર (BLO)નો સંપર્ક કરી શકશે અથવા વધુ માહિતી માટે જિલ્લા ચૂંટણી હેલ્પલાઈન નંબર 1950 પર સંપર્ક કરી શકશે.

સુરત મહાનગરપાલિકા

«««««««*»»»»»»»

સુ ચ ના

«««*»»»

સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભા **તા.૨૩-૧૧-૨૦૨૬** ના રોજ સાંજે ૪-૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીના **"સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ"** માં નીચે જણાવેલ કામોની વિચારણા કરવા સારૂ મળશે.

સ્થાયી સમિતિના કામો :-

૧. ઠ.નં.૧૮૮૫, ટી.પી.૩(કરંજ), માતાવાડી ખાતે આવેલ મ્યુ. શોપીંગ સેન્ટરની મિલ્કતને ઉતારી પાડવાની સ્ક્રેપ વેલ્યુ રૂા.૩૧,૪૩૧-૦૧ મંજુર કરવા બાબત.

૨. ઠ.નં.૧૯૦૫, હાઈડ્રોલિક વિભાગના વોટર વર્કસ અને જળવિતરણ મથક તેમજ વરાછા વોટર વર્કસ સ્ટોર ખાતે જુના કંડમ-બિનવપરાશી તથા ભંગાર હાલતમાં પડી રહેલ સામાનની ઠરાવમાં જણાવેલ વિગતે અપસેટ/ડિસ્ટ્રેટ વેલ્યુ મંજુર કરવા તથા ઈ-ટેન્ડરથી વેચાણ કરવા અંગે નર્ણાયો લેવા બાબત.

૩. ઠ.નં.૧૯૦૭, સેન્ટ્રલ ઝોન, નાગોરીવાડ સ્ટાફ ક્વાર્ટસને ઉતારી પાડવાની સ્ક્રેપ વેલ્યુ રૂા.૧,૫૪,૦૦૨/- મંજુર કરવા બાબત.

૪. ઠ.નં.૧૯૦૮, સ્મીમેર હોસ્પિટલ ખાતે લાઈફ સ્પાન પૂર્ણ થઈ ગયેલ હોય તેવા માઈનર મેડીકલ ઈન્સ્ટ્રુમેન્ટસને સ્ક્રેપ ગણી બીડ કરતા ઠરાવમાં જણાવેલ વિગતે બિડર Wasim Bearing Traders ને રૂા.૨,૪૭,૮૦૦/- ટેક્ષ સહિતના ભાવે કામ સોંપવા, વિગેરે બાબત.

૫. ઠ.નં.૧૯૩૨, સુમન માધ્યમિક શાળા સેલ ખાતે ઠરાવમાં જણાવેલ વિગતે શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફની જગ્યાઓ કાયમી ધોરણે ઉપસ્થિત કરવા અંગે નર્ણાયો લેવા બાબત.

૬. ઠ.નં.૨૦૦૫, સેન્ટ્રલ ઝોન, વોર્ડ નં.૭ માં આવેલ લાઈનદોરીના દબાણ હેઠળના નાસીરનગરના અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસ ફાળવવા બાબતે ઠરાવમાં જણાવેલ વિગતે નર્ણાયિ લેવા બાબત.

૭. ઠ.નં.૨૦૧૮, સાઉથ ઝોન-એ વિસ્તારમાં ઠરાવમાં જણાવેલ વિગતે દબાણ ખાતા ધ્વારા દબાણો ઉપાડવામાં/દુર કરવામાં/જપ્ત કરવામાં આવેલ માલ સામાન, વિગેરેની રૂા.૪,૯૯,૯૧૮/- ની સ્ક્રેપ વેલ્યુ મંજુર કરવા બાબત.

જાહેર બાંધકામ સમિતિના કામો :-

૮. ઠ.નં.૪૯૯, ડ્રા.ટી.પી.૮૦(સુલતાાબાદ-ભીમપોર), દરીયા ગણેશ મંદિર પાસેથી ડુમસગામ, કાદી ફળીયાને જોડતા રસ્તાને કારપેટ કરવાના રૂા.૮,૪૩,૦૬,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૯. ઠ.નં.૫૦૦, ટી.પી.૫૬(બમરોલી), એફ.પી. નં.૧/બી થી ૨૨/બી સુધી સી.સી. રોડ બનાવવાના રૂા.૭,૦૫,૨૪,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૧૦. ઠ.નં.૫૦૧, ટી.પી.૨૨(ભેસ્તાન), એફ.પી.નં.૫૦ થી ૨૬ અને ટી.પી.૪૮(ભેસ્તાન), એન.એફ.આઈ ગાર્ડન થી પ્રિયંકા ચોકડી સુધી સી.સી. રોડ ડેવલપ કરવાના રૂા.૧૭,૮૬,૬૮,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૧૧. ઠ.નં.૫૦૨, સાઉથ ઝોન-એ, ઉન નાકા થી જીવન જયોત ખાડી સુધીના રોડને રીકારપેટ કરવાના રૂા.૩,૭૫,૮૯,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૧૨. ઠ.નં.૫૦૩, સરથાણા, મોજે-પાસોદરા, બ્લોક નં.૫૮ થી ૫૪ સુધીના રસ્તા બનાવવાના રૂા.૪૨,૭૩,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૧૩. ઠ.નં.૫૦૪, ટી.પી.૩૮(નાના વરાછા), તાપી દર્શન સોસા. વિ-૧ ના રસ્તાઓને સિમેન્ટ કોંક્રિટના બનાવવાના રૂા.૩૪,૦૨,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૧૪. ઠ.નં.૫૦૫, પૂર્વ ઝોન-એ, સણીયાહેમાદ તથા સારોલીમાં રસ્તાઓને કારપેટ/રીકારપેટ, વિગેરે કરવાના રૂા.૧,૬૭,૪૦,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૧૫. ઠ.નં.૫૦૬, સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ ઈન્ક્રમેટેક્ષ ફલાય ઓવર બ્રીજને એન્ટીકાર્બોનેશન પેઈન્ટ તથા વોલ પેઇન્ટીંગ કરવાના રૂા.૭૯,૪૭,૪૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૧૬. ઠ.નં.૫૦૭, વેસ્ટ ઝોન, ગુજરાત ગેસ સર્કલ જંકશન પર આવેલ ફલાય ઓવર બ્રીજને એન્ટીકાર્બોનેશન પેઈન્ટ તથા વોલ પેઇન્ટીંગ કરવાના રૂા.૬૨,૧૬,૩૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૧૭. ઠ.નં.૫૦૮, સચિન જી.આઈ.ડી.સી. નોટીફાઈડ એરીયાની ગ્રાન્ટમાંથી ડ્રા.ટી.પી.૩૩ (તલંગપુર-ઉબેર) તથા ૩૪(પાલી-સચિન- કનસાડ)માં ગજેરા સ્કુલ થી તલંગપુર ગામ એફ.પી. નં.૨૩ થી ૨/૨ સુધીના રોડને વાઈડેનીંગ, વિગેરે કરવાના રૂા.૯,૨૦,૬૯,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૧૮. ઠ.નં.૫૦૯, સેન્ટ્રલ ઝોન(ઉત્તર) વિસ્તારમાં જુદા જુદા રસ્તાઓને ઠરાવમાં જણાવેલ વિગતે બનાવવાના રૂા.૨,૬૭,૪૦,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૧૯. ઠ.નં.૫૧૦, અઠવા ઝોન વિસ્તારમાં ઠરાવમાં જણાવેલ વિગતેના રોડ ઉપર ચેઇનલીંક ફેન્સીંગ લગાડવાના રૂા.૬૧,૩૬,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૨૦. ઠ.નં.૫૧૧, ડ્રા.ટી.પી.૭૮(ડુમસ-ભીમપોર-ગવીયર), ફા.પ્લોટ નં.૨૦ થી ડ્રા.ટી.પી.૭૭, ફા.પ્લોટ નં.૧૦૦ સુધીના રસ્તાને કારપેટ કરવાના રૂા.૯૩,૯૩,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૨૧. ઠ.નં.૫૧૨, ડ્રા.ટી.પી.૭૯(સુલતાનાબાદ-ભીમપોર), ભીમપોર બે ફાંટા થી ડુમસ લંગર સુધીના રસ્તાને વાઈડનીંગ કરવાના રૂા.૪,૩૯,૯૧,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૨૨. ઠ.નં.૫૧૩, સેન્ટ્રલ ઝોન, મજુરાગેટ જંકશન ફલાય ઓવર બ્રીજ ઉપર એન્ટીકાર્બોનેશન પેઈન્ટ તથા વોલ પેઈન્ટીંગ કરવાના રૂા.૩૨,૦૯,૩૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૨૩. ઠ.નં.૫૧૪, સેન્ટ્રલ ઝોન, કડીવાલા જંકશન ફલાય ઓવર બ્રીજને એન્ટીકાર્બોનેશન પેઈન્ટ તથા વોલ પેઈન્ટીંગ કરવાના રૂા.૭૨,૩૪,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૨૪. ઠ.નં.૫૧૫, પ્રિ.ટી.પી.૪૦(લિંબાયત-ડીંડોલી), ગણેશનગર-૨ સોસા.ની સર્વિસ ગલીમાં પેવર બ્લોક બેસાડવાના રૂા. ૨૭,૨૫,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૨૫. ઠ.નં.૫૧૬, ટી.પી.૧૯(પરવટ-મગોબ), કેપિટલ સ્કવેર થી આઉટર રીંગરોડ સુધીના રસ્તાને રીકારપેટ કરવાના રૂા.૨,૬૧,૪૬,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૨૬. ઠ.નં.૫૧૭, ડ્રા.ટી.પી.૬૨(ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ), શિવનગર-ન્યુ બાલીજી નગર સોસા. ના રસ્તા બનાવવાના રૂા. ૫૦,૯૬,૧૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૨૭. ઠ.નં.૫૧૮, અઠવા ઝોનમાં ૧૫ મી.ના વિવિધ રસ્તાઓને રીકારપેટ કરવાના રૂા.૧,૩૩,૮૪,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૨૮. ઠ.નં.૫૧૯, અઠવા ઝોનમાં ૧૨ મી.ના વિવિધ રસ્તાઓને રીકારપેટ કરવાના રૂા.૩,૭૪,૩૮,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૨૯. ઠ.નં.૫૨૦, અઠવા ઝોનમાં ૧૮ મી.ના વિવિધ રસ્તાઓને રીકારપેટ કરવાના રૂા.૬,૦૨,૦૬,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૩૦. ઠ.નં.૫૨૧, ફા.ટી.પી.૨(ઉધના), હરીનગર કોમ્યુનીટી હોલ તથા ફા.ટી.પી.૧(ઉધના- મજુરા), ખટોદરા કોમ્યુનીટી હોલને નવીનીકરણ કરવાના રૂા.૧,૯૪,૮૩,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૩૧. ઠ.નં.૫૨૨, ડ્રા.ટી.પી.૬૯(ગોડાદરા-ડિંડોલી), ગોવર્ધન-૧, ૨ માંથી પસાર થતા રસ્તાને રીકારપેટ કરવાના રૂા.૨૬,૨૪,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૩૨. ઠ.નં.૫૨૩, ડ્રા.ટી.પી.૬૧(પરવટ-ગોડાદરા), ન્યુ ધમક એફ.પી. નં.આર-૧૪ ના રસ્તાને કારપેટ કરવાના રૂા.૫૬,૧૨,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૩૩. ઠ.નં.૫૨૪, સાઉથ ઝોન-એ, ટી.પી.૧-૨, એફ.પી. નં.૫૯, ૬૪ અને ૬૧ માંથી પસાર થતા રસ્તાને રીકારપેટ કરવાના રૂા.૧,૧૦,૩૬,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

લાઈટ એન્ડ ફાયર (એક્ટીંગ્વીશીંગ) સમિતિના કામો :-

૩૪. ઠ.નં.૧૬૦, પ્રી.ટી.પી.૧૯(કતારગામ), ફા.પ્લોટ નં.૯૮ થી ૮૩ અને ફા.પ્લોટ નં.૧૨૧ થી ૧૨૩ ને જોડતા રસ્તાઓ ઉપર સ્ટ્રીટલાઈટ સુવિધા આપવાના રૂા.૨૬,૯૩,૦૦૪/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૩૫. ઠ.નં.૧૬૧, ડ્રા.ટી.પી.૩૩(તલંગપુર-ઉબેર), ફા.પ્લોટ નં.આર-૩૪૬ ખાતે કોમ્યુનીટી હોલના કાર્યરત બાંધકામમાં ફાયર સેફટી સીસ્ટમ લગાડવાના રૂા.૪૨,૩૬,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૩૬. ઠ.નં.૧૬૪, ડ્રા.ટી.પી.૮૧(ડુમસ) અને ડ્રા.ટી.પી.૭૮(ડુમસ-ભીમપોર-ગવીયર), ડુમસ વોર્ડ ઓફિસ થી સુરત ડુમસ મેઈન રોડ તરફ જતા રોડની મધ્યમાં સ્ટ્રીટલાઈટ સિસ્ટમ કાર્યરત કરવાના રૂા.૫૨,૭૫,૭૮૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૩૭. ઠ.નં.૧૬૫, ડ્રા.ટી.પી.૭૮(ડુમસ-ભીમપોર-ગવીયર) અને ડ્રા.ટી.પી.૮૧(ડુમસ), કુવાડા જંકશનથી કાંદી ફળિયા તરફ જતા રોડની મધ્યમાં સ્ટ્રીટલાઈટ સિસ્ટમ કાર્યરત કરવાના રૂા.૯૨,૭૧,૨૬૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૩૮. ઠ.નં.૧૬૪, ડ્રા.ટી.પી.૮૧(ડુમસ) અને ડ્રા.ટી.પી.૭૮(ડુમસ-ભીમપોર-ગવીયર), ડુમસ વોર્ડ ઓફિસ થી સુરત ડુમસ મેઈન રોડ તરફ જતા રોડની મધ્યમાં સ્ટ્રીટલાઈટ સિસ્ટમ કાર્યરત કરવાના રૂા.૫૨,૭૫,૭૮૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૩૯. ઠ.નં.૧૬૫, ડ્રા.ટી.પી.૭૮(ડુમસ-ભીમપોર-ગવીયર), પામ વિક્ટોરીયા થી કુવાડા રોડ તરફ જતા રોડની મધ્યમાં સ્ટ્રીટલાઈટ સિસ્ટમ કાર્યરત કરવાના રૂા.૨૭,૨૧,૦૮૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૪૦. ઠ.નં.૧૬૬, ડ્રા.ટી.પી.૭૭, ૭૮(ડુમસ-ભીમપોર-ગવીયર), અવધ કોપરસ્ટોન થી ડુમસ કુવાડા રોડ તરફ જતા રોડની મધ્યમાં સ્ટ્રીટલાઈટ સિસ્ટમ કાર્યરત કરવાના રૂા.૩૩,૩૧,૧૪૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૪૧. ઠ.નં.૧૬૭, ડ્રા.ટી.પી.૭૭, ૭૮(ડુમસ-ભીમપોર-ગવીયર), ડી.પી.એસ. સ્કુલથી ડુમસ કુવાડા રોડ તરફ જતા રોડની મધ્યમાં સ્ટ્રીટલાઈટ સિસ્ટમ કાર્યરત કરવાના રૂા.૩૦,૫૯,૭૪૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

અન્ય પરચુરણ કામો :-

૪૨. સભ્યશ્રી મનીષા ભીમજીભાઈ આહીરની રજા મંજુર કરવા બાબત.

૪૩. સભ્યશ્રી આરતીબેન હેનીશ પટેલની રજા મંજુર કરવા બાબત.

૪૪. સભ્યશ્રી સુહાની સુરજ (બંશુ) યાદવની રજા મંજુર કરવા બાબત.

૪૫. સભ્યશ્રી ભુપેન્દ્રભાઈ સુખદેવભાઈ રાઠોડની રજા મંજુર કરવા બાબત.

૪૬. સભ્યશ્રી પંકજ તુલસીરામ જાધવની રજા મંજુર કરવા બાબત.

આદેશથી,
(નિતીનચંદ્ર પી. સોનજે)
ઈ.ચા. મ્યુ.સેક્રેટરી, વતી
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૧૩-૧૧-૨૦૨૬

જી.સરત, તા.ચોર્યાસી, ગામ: સામરોદનાં બ્લોક નં.૧૪૫ ની વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લો: **સુરત,** તાલુકો: **ચોર્યાસી,** ગામ મોજે: **સામરોદ** નાં સર્વે નં.**૧૧૮/૧, બ્લોક/સર્વે નં.૧૪૫,** ખાતા નં.૯૩, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૧૧-૧૩, આકાર રૂા.૨.૩૧ પૈસા, ખેતરનું નામ: ગામ કચારી, સત્તા પ્રકાર: જુની શરત (જુ.શ.) ની ખેતીની જમીન તથા તેના અંદરના અને બહારના લાગતા વળગતા તમામ હક, અધિકાર સહીતની જમીન **(૧) મહમદ સુલેમાન પટેલ, (૨) હાઝરા સુલેમાન પટેલ, (૩) સોયેબ સુલેમાન પટેલ, (૪) અબુબકર સુલેમાન પટેલ** નાઓએ પોતાની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની હોવાનું જણાવી મજકુર જમીન (૧) મહમદ સુલેમાન પટેલ, (૨) હાઝરા સુલેમાન પટેલ, (૩) સોયેબ સુલેમાન પટેલ, (૪) અબુબકર સુલેમાન પટેલ (નં.૪ પોતે જાતે તથા નં.૧ થી ૩ ના પાવરદાર તરીકે) નાઓએ મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. મજકુર જમીન બાબતે કોઈ પણ વ્યકિત, સંસ્થા, બેંક કે કોઈ પણ ઈસમનો લાગભાગ, હકક, હીસ્સો, સંબંધ, લીયન, બોજા યા ખોરાકી પોષાકીનો હકક, દાવા દુવીના પ્રકરણો, ચાર્જ, અધિકાર કે વાંધા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત દસ્તાવેજી પુરાવાઓ સહીત હમોને જાણ કરવી. મુદત વિત્યે મારા અસીલ પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈ પણ જાતની તર તકરાર ચાલશે નહીં. જેની સર્વે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ઓફીસ : જી-૧, અલ રઉફ એપાર્ટમેન્ટ, રાવણતાડ, રૂસ્તમપુરા, સુરત.

ગુલામહૈદર જી. શેખ
તે ખરીદનારનાં એડવોકેટ

મિલકતના દસ્તાવેજ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને જણાવવાનુ કે ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકે ચોર્યાસી સુરત સીટીનાં મોજે ગામ : સીમાડાના રે.સર્વે.નં.૧૦/૧ તથા ૧૦/૨, બ્લોક નં.૨૬ તથા ૩૩, ટી.પી.સ્કીમ નં.૬૮ પુણા-સીમાડા, ફા.પ્લોટ નં.૧૫૨/એ તથા ૧૫૨/બી વાળી જમીનમાં આયોજીત **''વ્રજભુમિ ટાઉનશીપ''** ના નામથી ઓળખાતી સોસાયટીમાં બાંધવામાં આવેલ **બિલ્ડીંગ નં.એ/૬** ના ત્રીજા માળે આવેલ **ફ્લેટ નં.૩૦૭**, વાળી સંપુર્ણ મીલકત, હાલ **હંસાબેન ગાંડુભાઇ કોલડીયા તથા સાગર ગાંડુભાઇ કોલડીયાના** નામે ચાલે છે. તેમની પાસેથી સદર મીલકત **ભાવનાબેન બાબુભાઇ સોલંકીએ** ખરીદવાનુ નકકી કરી અમારી પાસેથી ટાઇટલ ક્લીયરન્સ રીપોર્ટની માંગણી કરી જણાવેલ છે કે નીચે વિગતના અસલ દસ્તાવેજો તેમની પાસેથી ગુમ-ગેરવલ્લે થઇ ગયેલ છે. સદર મિલકત બાબતે કોઇને કોઇપણ પ્રકારનો હકક-હિસ્સો કે ચાર્જ-બોજો, વાંધા-વિરોધ વગેરે હોય તો સદર નોટીસ પ્રસીદ્ધ થયે **દીન-૭** માં વાંધા તથા દસ્તાવેજી પુરાવાઓ સાથે અમોને જાણ કરવી. અન્યથા સદરહુ મિલકતમાં હીત ધરાવનારાઓએ મિલકત પરત્વેના પોતાના તમામ હકક-અધીકારો જતા કરેલા છે. એમ માનીને અમો **ટાઇટલ સર્ટીફીકેટ** ઇસ્યુ કરીશુ. ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહી. જેની લગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

-:: ગુમ થયેલ અસલ દસ્તાવેજોની વિગત ::-

અસલ રજીસ્ટ્રેશન રસીદ વેચાણ દસ્તાવેજ રજીસ્ટર નં. ૪૬૫૦ તા. ૧૮/૦૫/૨૦૦૯ (જુનો નં.૧૨૮૯૬ તા.૦૨/૦૬/૨૦૦૮) ની

એડ્રેસ:- ૧૦૬, જલ દર્શન ટાવર, બહુમાળી પાસે, નાવડી ઓવારા સામે, નાનપુરા, સુરત.
મો. ૯૯૦૬૭ ૮૧૪૬૧

મનોજ ડી. તારપરા
(એડવોકેટ એન્ડ નોટરી)

IDBI BANK

કુંભારીયા શાખા
AALAY" ટી.પી.એસ. નંબર ૬૪, (મગોબ કુંભાલ), આર.એસ. નંબર ૩૪/૩, બ્લોક નંબર ૬૫/૨, પુના કુંભારિયા રોડ, સુરત પિન :૩૯૫૦૧૦

આથી તમને જણાવવાનું કે નીચેના લોકર ખાતાઓને લગતી અમારી કુંભારીયા શાખા ના લોકર ધારકો અમારી વિવિધ નોટિસો અને માંગણીઓ છતાં લાંબા સમયથી નિયત લોકરનું ભાડું ચૂકવવામાં નિષ્ફળ અને ઉપેક્ષા કરી રહ્યા છે. લોકર ધારક દ્વારા સંમત થયેલા નિયમો અને શરતો મુજબ, ભાડાની ચૂકવણી ન કરવાની સ્થિતિમાં બેંક આ લોકરને તોડવાની સ્વતંત્રતા પર રહેશે. તદનુસાર, ઔપચારિકતાઓ પૂરી કરીને ૧૫.૦૨.૨૦૨૭ ના રોજ ઉપરોક્ત લોકર તોડવાની દરખાસ્ત કરવામાં આવી છે અને સંબંધિત લોકર ધારકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ નિયત તારીખ પહેલાં શાખાનો સંપર્ક કરે અને કાર્યવાહી ટાળવા માટે બાકી લેણાંની પતાવટ કરે. બ્રેક ઓપન માટેનો ચાર્જ ભાડુઆતો દ્વારા ઉઠાવવામાં આવશે અને તેની વસૂલાત માટે ભાડાની બાકી રકમ/અન્ય શુલ્ક વગેરે સહિતની કાનૂની કાર્યવાહી કરવાનો અધિકાર બેંક પાસે છે.

ક્રમ	લોકર નં.	બાકી	નામ અને સરનામું
૧	જી૪–૨૨	૦૧.૦૪.૨૦૨૩	શ્રીમતી શૈલજા રાજકુમાર જૈન/શ્રી રાજકુમાર કિશોરીમલ જૈન ફ્લેટ ૩૦૬, અંકુર એપ્ટ, ગીતા નગર, સરસ્વતી હિન્દી સ્કૂલની સામે, પર્વત ગામ, સુરત, ગુજરાત - ૩૯૪૨૧૧ મોઃ ૯૮૯૮૧૬૦૬૮૧, ૮૬૭૧૬૬૬૬૬૧

તારીખઃ ૧૪.૧૧.૨૦૨૬ સહી/–
સ્થળઃ કુંભારીયા અધિકૃત સહી કરનાર

ગુજરાત ગ્રામીણ બેંક - પ્રાદેશિક કાર્યાલય, સુરત

કબજા નોટિસ - {નિયમ ૮ (૧)} - સ્થાવર મિલકત માટે

આથી ગુજરાત ગ્રામીણ બેંક, ખરવાસા શાખા ના અધિકૃત અધિકારી તરીકે નીચે હસ્તાક્ષર કરનાર, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ સામાન્ય એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ પુષ્ટિ થયેલ સત્તાઓનો ઉપયોગ કરીને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સાથે ડિમાન્ડ નોટિસ તા. **૦૨.૦૬.૨૦૨૬** જારી કરીને કરજદાર/જામીનદાર **સુશ્રી મંદા સંજય પાટીલ અને શ્રી સંજય દિનકર પાટીલ** ને નોટિસમાં ઉલ્લેખિત રકમ **રૂા. ૮૦,૫૪,૧૦૬.૩/- (રૂપિયા એંશી લાખ ચોપ્પન હજાર એકસો છ અને પૈસા ત્રણ પુરા)** અને તેના પર વ્યાજ ઉપરોક્ત નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર તેના ચૂકવવા હાકલ કરી.

કરજદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય છે, તેથી કરજદાર અને સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે નીચે સહી કરનાર વ્યક્તિએ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮(૧) સાથે વાંચેલા કાયદાની કલમ ૧૩ ની પેટા–કલમ (૪) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો તા. ૦૬.૧૧.૨૦૨૬** ના રોજ મેળવ્યો છે.

કરજદારને ધ્યાન દોરવામાં આવે છે કે પોતાની મિલકત સેક્શન ૧૩ ના એક્ટ હેઠળ સબ સેકશન (૮) મુજબ મિલકત મેળવવા રકમ ભરવા સમયની જોગવાઇ કરવામાં આવી છે.

કરજદારો ને વિશેષ રૂપથી અને જાહેર જનતાને આથી સદર મિલકતો અંગે કોઇપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે અને સદર મિલકતો અંગે કરેલ કોઇપણ જાતનો વ્યવહાર **ગુજરાત ગ્રામીણ બેંક, ખરવાસા શાખા** ની નીચે બાકી લેણા રકમ **રૂા.૮૦,૫૪,૧૦૬.૩/- (રૂપિયા એંશી લાખ ચોપ્પન હજાર એકસો છ અને પૈસા ત્રણ પુરા)** અને વ્યાજ અનેતેના પરના ચાર્જીસ.

**સ્થાવ